| GJBH030086602025 | કેસ દાખલ તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
|---|---|---|
| | કેસ રજી. તારીખ | ૧૫/૧૦/૨૦૨૫ |
| | કેસ નિકાલ તારીખ | ૦૨/૦૯/૨૦૨૬ |
| | સમય – અવધિ વર્ષ | ૦૦વર્ષ ૧૦મહિના–૧૮ દિવસ |

---

**અંકલેશ્વરના મહે.એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં મુ. અંકલેશ્વર**

---

**ક્રિમીનલ કેસ નંબર : ૪૧૫૩/૨૦૨૫**
**આંક –**

**ફરીયાદી : સરકારશ્રી**

**:: વિરુદધ ::**

**આરોપી : (૧) વિભાબેન W/O કુલદીપકુમાર કમલકિશોર પાંડે**
રહે. ૧૪૮ ક્રિષ્નાપાર્ક સોસાયટી, ભડકોદા, તા. અંકલેશ્વર, જીલ્લો ભરૂચ

**(૨) અર્ચનાબેન નિતેશ ત્રીપાઠી**
રહે. સ્મીત સોસાયટી ડી/૨૦૧, પાલ–અડાજણ, સુરત

**(૩) કુલદીપકુમાર S/O કમલકિશોર પાંડે**
રહે . હાલ કુમકુમ બંગ્લોઝ, વાલીયા રોડ, કોસમડી, અંકલેશ્વર, જી. ભરૂચ મૂળ રહે. શાંતીપુરમ કોલોની, ધન્તીરામકા પુરાવા, થાણા–દેવકાલી, તા.જી અયોધ્યા (યુ.પી)

**(૪) જય ઉર્ફે જયેશ ઈન્દમણી શુકલા**
રહે. ૩૦૧/બી, અબીરભાવ સોસાયટી–૨, પાંડેસરા, સુરત

**ગુનો :– બી.એન.એસ.એસની કલમ –૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૬૧**

| | |
|---|---|
| ફરીયાદપક્ષે | – વિ.એ.પી.પી.શ્રી.કે.એલ.દેસાઈ |
| આરોપીપક્ષે | – વિ.વ.શ્રી એસ.બી.પટેલ |

## :– ઠરાવ:–

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીશ્રી જયોતીબેન અંબુજ રામસુધર મિશ્રા નાઓએ આ કામના આરોપીઓ (૧) કુલદીપ કમલકિશોર પાંડે તથા (૨)વિભાબેન કુલદીપ કમલકિશોર પાંડે તથા (૩) જય ઉર્ફે જયેશ ઈન્દમણી શુકલા તથા (૪) અર્ચનાબેન નિતેશ ત્રીપાઠી નાઓએ આરોપી નં. ૧ તથા ૨ ના બોલાવવાથી ફરીયાદીશ્રીના મકાનમાં આરોપી ૧ તથા ૨ નાઓ કપડા સુકવવા અંગે બોલાચાલી કરી ગાળાગાળી કરી ફરી. બહેનને મુંઢ માર મારી ફરી.ને શરીરે માથાના પાછળના ભાગે તથા જમણા અને ડાબા હાથે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરી બી.એન.એસ.એસ.ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨,૬૧ મુજબનો ગુનો કરેલ હોય, તે અંગેની ફરીયાદીએ સંબંધીત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતા તેના આધારે પોલીસ તપાસના અંતે આરોપી વિરુદધ પુરતો પુરાવો જણાતા ઉપરોકત ગુના સબબ હાલનુ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપીઓ સામે ઉપરોકત ગુનાનુ સંજ્ઞાન લઈ, સમન્સ કરવામાં આવતા અને આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે આરોપીઓ સામે આંક–૦૩ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૪ થી ૦૭ સુધી સદર ગુના અંગેના આરોપીઓના જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા , ફરીયાદપક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૩)** આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## :– મૌખિક પુરાવો :–

| અનુ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી જયોતીબેન અંબુજભાઈ મિશ્રા | ૧૨ |
| ૨ | સાહેદ અંબુજભાઈ રામસુધર મિશ્રા | ૧૪ |

## :-દસ્તાવેજી પુરાવો :-

| અનુ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદની નકલ | ૧૩ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૫ |
| ૩ | જયોતિબેનનુ મેડી. સર્ટી. | ૧૭ |

**(૪)** ઉપરોકત મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે આંક-૧૪થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા અન્વયે આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવુ જરુરી જણાતુ ન હોય આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

**(૫)** ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

**(૧)** શું ફરીયાદ પક્ષ નિ:શકપણે એ સાબિત કરે છે કે, આ કામના ફરીયાદીશ્રી જયોતીબેન અંબુજ રામસુધર મિશ્રા નાઓએ આ કામના આરોપીઓ (૧) કુલદીપ કમલકિશોર પાંડે તથા (૨)વિભાબેન કુલદીપ કમલકિશોર પાંડે તથા (૩) જય ઉર્ફે જયેશ ઈન્દમણી શુકલા તથા (૪) અર્ચનાબેન નિતેશ ત્રીપાઠી નાઓએ આરોપી નં. ૧ તથા ૨ ના બોલાવવાથી ફરીયાદીશ્રીના મકાનમાં આરોપી ૧ તથા ૨ નાઓ કપડા સુકવવા અંગે બોલાચાલી કરી ગાળાગાળી કરી ફરી. બહેનને મુંઢ માર મારી ફરી.ને શરીરે માથાના પાછળના ભાગે તથા જમણા અને ડાબા હાથે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરી બી.એન.એસ.એસ.ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨,૬૧ મુજબનો ગુનો કરેલ છે ?

**(૨)** શુ હુકમ ?

**(૬)** ઉપરોકત મુદાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** નકારમાં

**(૨)** આખરી હુકમ મુજબ.

## :- કારણો:-

**મુદા નં. ૧:-**

**(૭)** સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી જયોતીબેન અંબુજભાઈ મિશ્રાને

આંક-૧૨થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ૬ માસ પહેલા અમારા ઘર આગળ બપોરના ૪/૦૦ વાગ્યા આસપાસ બનેલો બનાવ વખતે અમારા મકાનના ઉપલા માળે ભાડે રહેતા કુલદીપ કમળકિશોર પાંડે અને તેની પત્ની વિભાબેન રહેતા હતા ત્યારે કપડા સુકવવા બાબતે બોલાચાલી થતા ટોળુ ભેગુ થવાથી ધકકામુકકી વાગી જત તે મુજબની ફરીયાદ આપેલી મને ફરીયાદની કોપી કોર્ટના રેકર્ડમાંથી બતાવતા જેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક-૧૩ આપવામાં આવે છે. આ કામના આરોપી અમારા મકાનમાં ભાડે રહેતા હતા જેથી તેઓને ઓળખુ છુ.

સદર ફરીયાદીની બચાવપક્ષેના આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતો સ્વીકાર કરે છે કે, બનાવ માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. એ વાત ખરી છે કે મને ગુજરાતી લખતા-વાંચતા આવડતુ નથી.

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ અંબુજભાઈ રામસુધર મિશ્રાને આંક-૧૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે ૬ માસ પહેલા અમારા ઘર આગળ બપોરના ૪/૦૦ વાગ્યા આસપાસ બનેલો બનાવ વખતે અમારા મકાનના ઉપલા માળે ભાડે રહેતા કુલદીપ કમળકિશોર પાડે અને તેની પત્ની વિભાબેન રહેતા હતા ત્યારે કપડા સુકવવા બાબતે બોલાચાલી થતા ટોળુ ભેગુ થવાથી ધકકામુકકી વાગી જતા તે મુજબની ફરીયાદ મારી પત્નીએ આપેલી પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપી મકાનમાં ભાડે રહેતા હતા જેથી તેઓને ઓળખુ છુ.

સદર સાહેદની બચાવપક્ષેના આરોપીના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. એ વાત ખરી છે કે મને ગુજરાતી લખતા-વાંચતા આવડતુ નથી.

(૯) આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખિક પુરાવો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઇ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે ફરીયાદી ખુદ આંક-૧૩ વાળી ફરીયાદને સમર્થન કરેલ નથી. સદર ફરીયાદીની આંક-૧૨ વાળી જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કંઇ બેનલ હોવાનુ તેઓ જણાવે છે. તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હોવાનુ જણાવે છે. વધુમાં, ફરીયાદપક્ષે આંક-૧૪થી તપાસેલ સાહેદની જુબાની ઉલટ તપાસ સહિત વંચાણે લેવામાં આવે તો, બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી તે સીવાય બીજુ કંઇ બેનલ હોવાનુ તેઓ જણાવે છે. તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ ન હોવાનુ જણાવે છે. હાથ પરના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતા ફરીયાદ હકીકત મુજબનો ગુનો બનેલ હોય તેવુ ફરીયાદપક્ષ નિ:શકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપીને ગુના સાથે સાંકળતો કોઇ સીધો કે

પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબદધ્ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુના સાથે સાંકળી શકાય એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજુ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુનો આચરેલ હોય તેવુ અનુમાન થઇ શકે, જેથી ઉપર મુજબ મુદા નં ૧ નો નિર્ણય ઉપર મુજબ નકારમાં ઠરાવી, મુદા નં.ર અંગે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:-હુકમ:-**

**(૧)** ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૨૭૧(૧) અન્વયે આ કામના આરોપી નં. **(૧) વિભાબેન W/O કુલદીપકુમાર કમલકિશોર પાંડે** રહે. ૧૪૮ ક્રિષ્નાપાર્ક સોસાયટી, ભડકોદા, તા. અંકલેશ્વર, જીલ્લો ભરૂચ **(૨) અર્ચનાબેન નિતેશ ત્રીપાઠી** રહે. સ્મીત સોસાયટી ડી/૨૦૧, પાલ-અડાજણ, સુરત**(૩) કુલદીપકુમાર S/O કમલકિશોર પાંડે** રહે . હાલ કુમકુમ બંગ્લોઝ, વાલીયા રોડ, કોસમડી,અંકલેશ્વર, જી. ભરૂચ મૂળ રહે. શાંતીપુરમ કોલોની, ધન્તીરામકા પુરાવા, થાણા-દેવકાલી, તા.જી અયોધ્યા (યુ.પી) **(૪) જય ઉર્ફે જયેશ ઈન્દમણી શુકલા** રહે. ૩૦૧/બી, અબીરભાવ સોસાયટી-૨, પાંડેસરા, સુરત નાઓને **બી.એન.એસ.એસ.ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૫૨,૬૧** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.ની કલમ ૪૮૧(એ) અન્વયે આરોપીઓએ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે અગાઉ આપેલ જામીન, હુકમ તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ આજ તા. ૦૨ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યા.

અંકલેશ્વર.

તા.૦૨/૦૯/૨૦૨૬

**(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**

એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ,

અંકલેશ્વર.

કોડ નં.GJ00664

(**STENO H.S.VALA**)